# બાકરોલના પાટીદારો : (પૂર્વ ઈતિહાસ)

_ શ્રી કાળીદાસ મનોરભાઈ પટેલ



આશરે ૪૩૨ની સાલમાં ઉત્તર ભારતમાં પરદેશીઓના હુમલા અને ત્રાસથી ત્યાંની પ્રજા ત્રાસી ગઈ હતી. આવા વારંવારના હુમલાથી તેમનો ખેતીનો વ્યવસાય બરબાદ થઈ ગયો હતો. એમાંના કેટલાક પાટીદારો લાહોર છોડીને રાજસ્થાનને રસ્તે થઈને આબુની તળેટીમાં આવીને વસ્યા હતા. તેમનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલનનો હતો છતાં જરૂર પડ્યે તેઓ પોતાનું ને રાજ્યનું રક્ષણ કરવા માટે હથિયાર પણ ધારણ કરતા હતા. આજે પણ આપણાં ઘરોમાં તલવાર, ઢાલ, તમંચાઓ, બંદૂકો અને લાઠીઓ જેવાં હથિયાર જોવા મળે છે.

ધીમે ધીમે સ્થળાંતર કરતાં તેઓ અનંત પ્રદેશ એટલે કે ગુજરાતમાં આવ્યા. એમની પાસે ખેતીની કુનેહની સાથે લડાયક ખમીર અને દેશદાઝ હતાં એ જોઈને જેતે પ્રદેશના રાજકર્તાઓએ એમને જોઈતી તમામ સગવડો પૂરી પાડી હતી.

એમણે અમદાવાદથી દક્ષિણની ખેતી લાયક જમીન પસંદ કરી ત્યાં ખેતી કરવી શરૂ કરી અને ગુજરાત પ્રદેશને આબાદ કર્યો હતો. પરંતુ એ સમયે ગુજરાતમાં નાનાંનાનાં રાજ્યો અંદરો અંદર ઝઘડતાં અને વારંવાર યુધ્ધો થતાં. આમ થવાથી ખેતી બરબાદ થતી ચાલી અને લૂંટફાટની પ્રવૃત્તિ વધી ગઈ. આનો લાભ લઈ પરદેશીઓએ ધીમેધીમે આખા ભારત પર સત્તા જમાવી દીધી. આ સમયે ગુજરાતમાં ભીમદેવ સોલંકી, મૂળરાજ સોલંકી, કર્ણદેવ, સિધ્ધરાજ, કુમારપાળ, અજયપાળ વગેરે સોલકી રાજાઓ થઈ ગયા. તેઓ એકંદરે પ્રજાવત્સલ હતા. પણ તેમના અનુગામી કરણ ઘેલાની રાજનીતિથી પ્રજા હેરાન પરેશાન થઈ ગઈ.

બાકરોલનું તોરણ બાંધ્યું :-

આ સમયે ખેતી એટલી હદે પાયમાલ થઈ ગઈ કે માળવામાંથી અનાજની ખેપો મંગાવવી પડતી હતી. એટલે તે સમયના રાજકર્તાએ ફરમાન કાઢ્યું કે જે કોઈ આવાં ઉજ્જડ ગામો ફરી વસાવશે તેમને એ ગામોના નરવાહ આપવામાં આવશે. આ સમયે બોદાલ ગમનાં કેટલાંક કુટુંબોએ બાકરોલ ગામનું તોરણ બાંધી બાકરોલ ગામ વસાવ્યું. (વહીવંચાના રેકોર્ડ મુજબ બાકરોલ ગામનું તોરણ સંવત ૧૨૨૪માં બંધાયાની નોંધ જોવા મળે છે.) પછી કેટલાંક કુટુંબો પીપળાવથી આવ્યાં એટલે ચાર ભાગ બોદાલવાળાં કુટુંબોના અને એક ભાગ પીપળાવવાળાં કુટુંબનો મળીને પાંચ ભાગના જતનથી બાકરોલ ગામ સમૃધ્ધ થવા માંડ્યું.

બાકરોલમાં બકરાક્ષસનું રાજ્ય હતું એ વાત પાયા વગરની છે. ઈતિહાસ કહે છે કે હિડંબા વનનો રાજા હિડંબ આ ગામમાં નહીં પણ રાજપીપળા સ્ટેટમાં આવેલા ગામ બાકરોલનો વતની હતો અને ત્યાં એનું રાજ્ય હતું. ગુજરાતમાં ઘણાં બાકરોલ ગામ આવેલાં છે. અમારા બાકરોલ સિવાય રાજપીપળા પાસે, અમદાવાદ પાસે, ચાંપાનેર પાસે વગેરે ગામો જાણીતાં છે પણ એ બધાં બહુ નાનાં અને કશી ખાસ પ્રગતિ વગરનાં છે.

પછી મુસ્લિમ અમલનો અંત આવતાં મહારાષ્ટ્રમાંથી આવીને પેશ્વાઓએ અને ગાયકવાડે આ પ્રદેશ પર કબજો કર્યો. પેશ્વાઓએ પાટીદારોને વંશ પરંપરાગત મુખીઓ અને મતાદારો નીમ્યા જે હજુ નજીકના ભૂતકાળ સુધી ચાલુ હતા. પછી તો કણબી પાછળ કરોડ એ હિસાબે ગામમાં દરજી, સોની, સુથાર, બ્રાહ્મણ, વાણિયા તથા ઈતર કોમના માણસો તથા ખેતીકામમાં મદદરૂપ થાય એવા પરમાર, સોલંકી, ચાવડા, ચૌહાણ અને મુસ્લિમોએ ગામમાં વસવાટ કર્યો. આમ વિવિધ કોમનાં માણસો વસતાં ગામની આબાદીમાં એમનો ફાળો પણ ઉમેરાયો.

આઝાદીની લડતમાં ગામે આગેવાની કરી છે એ તો ઈતિહાસ પણ કહે છે. ગામમાં ૧૯ સ્વાતંત્ર્યસેનાની થઈ ગયા છે એ જ ગામની અઝાદીની લડતમાંની આગેવાનીનો પુરાવો છે. દેશના ભલે ભાગલા થયા પણ આજેય ગામની બધી પ્રજા સુલેહ-સંપથી ગામમાં વસે છે. ગામનો ખેતીલાયક જમીનનો રકબો ૮૦૦૦ વીઘાંનો ગણાય છે. ગામની ચારેય બાજુ ગોચરની પણ ઘણી જમીન હતી જે કાળક્રમે જાહેર હીતનાં કામો માટે આપવામાં આવ્યા છતા હજુ ૨૦૦ વીઘાં જેટલી જમીન રહી છે. ગામ ઘણું પુરાણું હોઈ ગામમાં ત્રણ ભાગોળો છે અને એ ત્રણેય ભાગોળો પર વિશાળ તળાવો કરેલાં છે. ગામની ધોયા ભાગોળ પાસે છતરિયા વડ નીચે એક વણઝારી વાવ પણ હતી જે હાલ પુરાઈ ગઈ છે એવી લોકવાયકા છે. હાલ તો એના અવશેષો પણ રહ્યા નથી.

ગામની ચારે તરફ રક્ષણ માટે ખાઈ પણ ખોદેલી હતી ને સદાય પાણીથી ભરેલી રહેતી હતી જે હાલ તો પુરાઈ ગઈ છે ને કયાંક તો એના પર મકાનો પણ બંધાઈ ગયાં છે.

ગામમાં ગાયકવાડી સમય દરમિયાન રૂડાજી નામના પટેલ થઈ ગયા હતા જેમને ગાયકવાડે પેટલાદ મહાલમાં બોલાવી દેસાઈગીરીનો ખિતાબ આપ્યાનું કહેવાય છે પણ પોતાના કુટુંબની નાજૂક આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઈને રૂડાજી પટેલે કે તેમના કોઈ વંશજ કે પિતરાઈએ પોતાને દેસાઈ કહેવડાવવા કયારેય પ્રયત્ન કર્યો હોવાનું જાણમાં નથી.

આઝાદીની લડત વખતે મુખીપણાં છોડી દેવાની જે ચળવળ થઈ તેમાં સૌ પ્રથમ બાકરોલના શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ પટેલે પોતાના મુખીપણાનું રાજીનામું આપી દીધું હતું.

ભાઈકાકાનું સ્વપ્ન સિધ્ધ કરવા બાકરોલ ગામે બધી મળીને ૩૫૦થી ૪૦૦ વીઘાં જમીન વલ્લભવિદ્યાનગરના નિર્માણ માટે દાનમાં આપી હતી એ તો બહુ જાણીતી વાત છે. વલ્લભવિદ્યાનગરની સ્થાપના થતાં બાકરોલ ગામે શિક્ષણક્ષેત્રમાં પણ હરણફાળ ભરી છે. આ વેબ સાઈટમાં બાકરોલના વિદ્યમાન

સ્નાતકો(ગ્રેજ્યુએટ્સ)ની યાદી આપવામાં આવેલી છે એ જોતાં આપને એની પ્રતીતિ થશે. આમાંના કેટલાય સ્નાતકો પરદેશમાં જઈ વસ્યા છે અને ત્યાં પણ ઘણી નામના કમાય છે એ ગામ માટે ગૌરવની વાત છે.

ગામની કેળવણીના ક્ષેત્રમાં આટલી સિધ્ધિ હોવા છતાં સરકારી નોકરીઓમાં બાકરોલનાં ભાઈબહેનો ઘણાંઓછાં છે એ કદાચ સરકારી નોકરી પ્રત્યેની ઉદાસિનતા કે પછી પરદેશ ખેડવાની અદમ્ય ભાવનાનું પ્રતીક હશે!

આફ્રિકામાં બાકરોલના સ્વ. ડાહ્યાભાઈ કલ્યાણભાઈ પટેલે શિક્ષક તરીકે સારી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. સ્વ. ડૉ. ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલ ગામના પહેલા ડૉક્ટર હતા અને તેમણે આફ્રિકામાં ઘણી ખ્યાતિ મેળવેલી હતી. હાલના વિદ્યમાન ડૉક્ટરોમાં શ્રી અરુણભાઈ ચુનીભાઈ પટેલ સૌથી વધુ ઉંમરના છે ને હાલ ઈંગ્લેન્ડમાં નિવૃત્તિ ગાળી રહ્યા છે.

વલ્લભવિદ્યાનગરની બાજુમાં વિઠ્ઠલ ઉદ્યોગનગરની સ્થાપના થતાં ગામના યુવાનોને ધંધારોજગાર માટે સારી તકો પ્રાપ્ત થઈ છે. વલ્લભવિદ્યાનગરનો છેલ્લાં કેટલાંક વરસોમાં બાકરોલ તરફ વિકાસ થતાં બાકરોલની જમીનોની કિંમતોમાં સારો એવો વધારો થયો છે. હાલ ગામની જમીનો એકર કે વીઘાંને બદલે ગૂંઠામાં અને ચોરસ મીટરમાં મપાવા લાગી છે.

ગામના વિકાસમાં ગામના પાટીદારોનો મુખ્ય ફાળો રહેલો છે. ગામના પાટીદારો જે પરદેશમાં રહીને કમાયા છે ને ત્યાં જ સ્થાઈ થયા છે તેઓ પણ પોતાના ગામને ભૂલ્યા નથી. તેમના તરફથી ગામના વિકાસ માટે અવારનવાર સારી એવી મદદ મળતી રહે છે.

<u>રાજકીય તથા સામાજિક ક્ષેત્રે સિધ્ધિ :-</u>

— શરૂઆતની આણંદ તાલુકા પંચાયતમાં બાકરોલના સ્વ. શ્રી જશભાઈ મગનભાઈ પટેલ (રાજા) તથા સ્વ. શ્રી મણિભાઈ શનાભાઈ પટેલે સભ્ય તરીકે ચૂંટાઈને સેવા આપેલી.

— બાદમાં આણંદનો અલગ જિલ્લો રચાતાં શ્રી. જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ આણંદ જિલ્લાનાં પ્રથમ મહિલા પ્રમુખ તરીકે ચૂંટાયેલાં. ગામ માટે આ ગૌરવનો વિષય છે.

— વલ્લભવિદ્યાનગરની અલગ પંચાયત થયાં તેમાં શરૂમાં બાકરોલના સ્વ. શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ પટેલે સરપંચ તરીકે સેવા આપેલી અને ત્યાર બાદ સ્વ. શ્રી વિનુભાઈ પરસોત્તમદાસ પટેલે વરસો સુધી સરપંચ તરીકે સેવા આપેલી. ત્યારબાદ શ્રી ચંદ્રકાન્ત અંબાલાલ પટેલ તથા જીતુભાઈ રાવજીભાઈ પટેલ પણ સરપંચ તરીકે ચૂંટાયા હતા.

<u>શિક્ષણક્ષેત્રે બાકરોલનું પ્રદાન :-</u>

— સ્વ. શ્રી કાન્તિભાઈ હરમાનભાઈ નારણભાઈ પટેલે નલિની એન્ડ અરવિન્દ આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે સેવા આપેલી અને તેમના નાના ભાઈ શ્રી ગિરીશભાઈ સમાજશાસ્ત્રના પ્રોફેસર તરીકે સેવા આપતા હતા જે હાલમા જ નિવૃત્ત થયા છે.

— શ્રી જયંતીભાઈ દેસાઈભાઈ પટેલે વરસો સુધી બી.જે.વી.એમ. કૉલેજ વલ્લભવિદ્યાનગરમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે સેવા આપેલી ને હાલ નિવૃત્ત થઈને અમેરિકામાં સ્થાઈ થયેલા છે.

— શ્રી રમણભાઈ મોતીભાઈ પટેલ સરદાર પટેલ હાઈસ્કૂલ કરમસદમાં ઘણાં વરસ શિક્ષક અને નિરિક્ષક તરીકે સેવા આપ્યા બાદ નિવૃત્ત થયા છે.

— શ્રી ધીરુભાઈ ચુનીભાઈ પટેલે વડતાલની શ્રી લક્ષ્મીનારાયણ હાઈસ્કૂલમાં શરૂઆતનાં ૧૩ વરસ શિક્ષક તરીકે ને પછી લગભગ ૧૬ વરસ પ્રિન્સિપાલ તરીકે સેવા આપેલી અને હાલ નિવૃત્ત થઈને

શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજમાં સહમંત્રી તરીકે સેવા આપી રહ્યા છે.

__ શ્રી પ્રફુલ્લભાઈ રાવજીભાઈ પટેલ વેટરનરી ડૉક્ટર થઈ આણંદની વેટરનરી કૉલેજમાં પ્રોફેસર અને પી.એચડી.ના ગાઈડ તરીકે પ્રશંસનીય સેવા આપી રહ્યા છે.

__ શ્રી મહેન્દ્રભાઈ જશભાઈ પટેલે વી.પી. સાયન્સ કૉલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપેલી. હાલ તેઓ પરદેશમાં વસે છે.

__ શ્રી મનુભાઈ શંકરભાઈ પટેલ વી.પી. સાયન્સ કૅલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપ્યા બાદ હાલમાં જ નિવૃત્ત થયા છે.

__ શ્રી મહેન્દ્રભાઈ રમણભાઈ પટેલ એમ.બી. સાયન્સ કૉલેજ, આણંદમાં પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે.

__ શ્રી જયંતીભાઈ ડાહ્યાભાઈ તળસીભાઈ પટેલ (જીતુભાઈ) વી.પી. સાયન્સ કૉલેજમાં પ્રોફેસર હતા જે હાલ પરદેશમાં છે.

__ શ્રી સુધાબેન અંબાલાલ પટેલ કસ્તુરબા કન્યા વિદ્યાલય આણંદમાં પ્રિન્સિપાલ તરીકે સેવા આપતાં હતાં જે હાલમાં જ નિવૃત્ત થયાં છે.

__ સ્વ. મંજુલાબેન નારણભાઈ પટેલ બાકરોલ કન્યાશાળામાં મુખ્ય શિક્ષિકા તરીકે સેવા આપતાં હતા જે નિવૃત્તિ બાદ ગયે વરસે જ ગુજરી ગયાં છે.

__ શ્રી ભાનુભાઈ ચુનીભાઈ પટેલ રાઘુપુરા (ચકલાસી)ની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપતા હતા જે અકસ્માતમાં પગની તકલીફ ઊભી થતાં સ્વૈછિક નિવૃત્તિ લઈ બાકરોલમાં વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. તથા સાર્વજનિક પુસ્તકાલય, બાકરોલ જેવી સંસ્થાઓનું જતન કરી રહ્યા છે.

## બાકરોલ ગામનું ગૌરવ

બાકરોલ કુમારશાળા, ગો.જો.શારદામંદિર, વલ્લભવિદ્યાનગર,મ.ઉ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ, વલ્લભવિદ્યાનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ યતીનભાઈ જયંતીભાઈ પટેલ ૧૦મા ધોરણમાં બોર્ડમાં પાંચમા સ્થાને અને હાયર સેકન્ડરી - સાયન્સમાં બોર્ડમાં દ્વિતીય સ્થાને પાસ થઈ ગામને ગૌરવ અપાવ્યું છે.

અનુક્રમ?